ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૦/૯૮૦/બ-૧
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૦૮/૨૦૨૦

પ્રતિ,

1. નિયામકશ્રી (આઈસીડીએસ),
   કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,
   ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
   જિલ્લા પંચાયત કચેરી, જિ..............................
3. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
   મ્યુનિસિપલ કોર્પોરેશન, ................................

વિષય: બનાવટી સરકારી ઠરાવના આધારે મહિલા કર્મચારીઓને નિયમો વિરુદ્ધ ઉચ્ચતર પગાર ધોરણનો આપેલ લાભ રદ કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, નાણા વિભાગના તા.૧૦/૦૭/૨૦૨૦ના પત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૨૦-ઓ-૧૦-મ થી આપવામાં આવેલ સૂચનાઓ આ સાથે ખાતાની વડી કચેરી, પ્રાદેશિક કચેરી, જિલ્લા કચેરી તેમજ ઘટક કચેરીઓને જાણ અર્થે મોકલી આપવામાં આવે છે.

ઉક્ત સૂચનાઓ અનુસાર, "*ઉચ્ચતર પગાર ધોરણની યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણ મેળવનાર કર્મચારી તેને મળેલ બઢતીનો અસ્વીકાર કરે તો ઉચ્ચતર પગારધોરણનો લાભ મળવાપાત્ર થતો નથી તેમજ કર્મચારી ઉચ્ચતર પગારધોરણ મેળવ્યા બાદ બઢતીનો અસ્વીકાર કરે તો મેળવેલ ઉચ્ચતર પગારધોરણનો લાભ પરત કરવાનો થાય છે. પરંતુ નાણા વિભાગને ધ્યાને આવ્યું છે કે, નોકરીના સમયગાળા દરમ્યાન એક વખત બઢતીનો અસ્વીકાર કરેલ હોય તો પણ મહિલા કર્મચારીઓને ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર/ચાલુ રહે છે તેવા તા.૨૧/૦૮/૨૦૦૮ના બનાવટી ઠરાવ રજુ કરીને તેના આધારે કેટલાક મહિલા કર્મચારીઓએ ઉચ્ચતર પગારધોરણનો લાભ મેળવેલ/ચાલુ રાખેલ છે. ઉક્ત કાર્યવાહી ઉચ્ચતર પગારધોરણની યોજનાના નિયમો વિરુદ્ધ છે. આથી ઉક્ત બાબતે આવા ખોટી રીતે મેળવેલ ઉચ્ચતર પગારધોરણના તમામ કેસોમાં ઉક્ત લાભો રદ કરવા તથા વસુલાત કરવા, તેમજ તે બાબતે જરૂરી જણાયે પોલીસ ફરીયાદ દાખલ કરવા જણાવવામાં આવે છે.*"

નાણા વિભાગની ઉક્ત સૂચનાઓ અનુસાર નિયમાનુસાર કાર્યવાહી કરવા વિભાગ હસ્તકની આઈસીડીએસની સર્વ કચેરીઓને જણાવવામાં આવે છે, જે ધ્યાને લેવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ગોપાલસિંહ યાદવ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

બીડાણ: ઉપર મુજબ

નકલ રવાના:

1. સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, ...........................
3. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.......................
4. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, .........................
5. સર્વે બાળ વિકાસ યોજના અધિકારીશ્રી મારફત સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી.
6. સર્વે મુખ્યસેવિકાશ્રી મારફત સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી.
7. સેક્શન અધિકારીશ્રી (મ-શાખા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. પગાર અને હિસાબ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ૧૭-ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
10. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
11. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ........................
12. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
13. શાખા સિલેક્ટ ફાઈલ.